ગાંધીનગર સમાચાર

## ગાંભોઈ બસ સ્ટેશન પાસે મોબાઈલની બે દુકાનમાંથી ૯૮ હજારની ચોરી

ગાંભોઈ, તા. ૧૯

ગાંભોઈ એસ.ટી. બસસ્ટેન્ડ પાસે આવેલી બે મોબાઈલની દુકાનોમાં ગુરૂવારે રાત્રે તસ્કરોએ શટર તોડી મોબાઈલ તેમજ તેની એસેસરીઝના સાધનો મળી કુલ રૂ. ૯૮,૪૫૦ની માલમત્તા ચોરી થવા પામી છે.

ગાંભોઈ બસ સ્ટેશનની મુખ્ય બજારમાં હાલ ગણેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. રાત્રે ગણેશ મંડળ દ્વારા યોજાયેલ ભજન કાર્યક્રમ બંધ થયા બાદ ગણેશ મંડળ ચોકની બાજુમાં આવેલ મારૂતી મોબાઈલ તેમજ રાધે મોબાઈલ નામની બે દુકાનોના શટરો ઉંચા કરી તસ્કરો અદંર પ્રવેશી વિવિધ કંપનીના મોબાઈલ તેમજ એસેસરીઝ સહિત રૂ. ૯૮.૪૫૦ની માલમત્તાની ચોરી કરી જતા આ અંગે અતુલભાઈ વિનુભાઈ ઠક્કરે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. રાત-દિવસ ધમધમતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ગાંભોઈ બસ સ્ટેશન વિસ્તારમાં રાત્રી દરમિયાન કોઈ પોલીસ બંદોબસ્ત ન હોવાના કારણે ગાંભોઈ સહિત અન્ય સ્થળે ચોરીના બનાવોમાં વધારો થયો છે.

# ભારતીય વાયુદળનું જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે શૉ-કેસ યોજાયું

## ૧૯૬૫ના ભારત-પાક. યુદ્ધમાં વિજયની યાદગીરી તથા વાયુદળની આવી રહેલ ૮૩મી જયંતિ પ્રસંગે હવાઈ યુદ્ધ જહાજો-શસ્ત્રોનું નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૧૯

ભારત-પાકિસ્તાન વચ્ચેના ૧૯૬૫ના યુદ્ધને ૫૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી જામનગર ખાતેના એરફોર્સસ્ટેશન દ્વારા ભારતીય સેનાની જીતને બિરદાવવા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૯૬૫માં યુદ્ધ લડી ચુકેલા વાયુદળના નિવૃત્ત જાંબાઝ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. એરફોર્સ સ્ટેશન દ્વારા આ પ્રસંગે વાયુદળની તાકાત દર્શાવતા યુદ્ધ હવાઈ જહાજો, મશીનરી અને શસ્ત્રોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. તેમજ યુદ્ધ જહાજોની નાઈટ ફલાઈટ એકટીવીટીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એરફોર્સ બેન્ડ દ્વારા સ્પેશ્યલ કાર્યક્રમ પ્રસ્તુત કરાયો હતો.

આગામી ૮મી ઓક્ટોબરે ભારતીય વાયુદળની સ્થાપનાની ૮૩મી જયંતિ ઉજવાશે. આ પ્રસંગે ધ્યાનમાં રાખીને વાયુદળના જામનગર યુનિટ દ્વારા તેના ભવ્ય વારસા, પરંપરા તેમજ મૂલ્યોના આધારિત શસ્ત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિવિધ હવાઈ લડાકુ વિમાનો, હેલિકોપ્ટર્સ તથા શસ્ત્રોનું નિદર્શન કરાયું હતું. જેને શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ માણ્યું હતું. આ પ્રસંગે હવાઈદળ દ્વારા પબ્લીસીટી સ્ટોલ્સ ઉભા કરી વાયુસેના અંગે જાણકારી આપવામાં આવી હતી અને યુવાનોને વાયુદળમાં જોડાવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ભાદરવી પાંચમ નિમિત્તે વાલેર ધામે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

## વાલેર ધામે ચાલતા જનાર ભક્તો માટે સેવાભાવી લોકો દ્વારા ભક્તોને ચા નાસ્તો તેમજ ફ્રુટનું પણ વિતરણ કરવામાં આવે છે

ધાનેરા, તા. ૧૯

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના વાલેર ધામે ભાદરવી પાંચમ નિમિત્તે ભવ્ય લોક મેળો ભરાયો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ સુંદરપુરી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

બનાસકાંઠાના ધાનેરાથી ૧૦ કિલોમીટરના અંતરે વાલેર ગામ આવેલું છે. જ્યાં સુંદરપુરી મહારાજનું ભવ્ય મંદિર આવેલું છે અને આ મંદિરે વાલેર ધામમાં દર અજવાળી પાંચમે ભવ્ય મેળો ભરાય છે. આજે ભાદરવા મહિનાની પાંચમ હોવાથી વાલેર ધામે ભવ્ય મેળો ભરાયો હતો અને વાલેર ધામમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું અને મોટી સંખ્યામાં લોકોએ સુંદરપુરી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આજે ભાદરવા મહિનાની પાંચમ અને આ મંદિરમાં ભાદરવા મહિનાની પાંચમને મહા પાંચમ ગણવામાં આવે છે જેથી આજે મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. તો બીજી તરફ લોકો પોતાની માનતા પ્રમાણે વાલેર ધામે ચાલતા જઈ પોતાની માનતા પૂર્ણ કરે છે અને વાલેર ધામે ચાલતા જનાર ભક્તો માટે સેવાભાવી લોકો દ્વારા આ ભક્તોને ચા નાસ્તો તેમજ ફ્રુટનું પણ વિતરણ કરવામાં આવે છે ત્યારે દૂર દૂરથી વાલેર ધામમાં ભક્તોએ આવી સુંદરપુરી મહારાજને નેજા પણ ચડાવ્યા હતા.



ગણેશ ચર્તુથીના દિવસે ભકતો ધ્વારા રંગેચંગ દુંદાડા દેવ ગણપતિની મુર્તિની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારે ગણેશ મંડળો ધ્વારા પોતાની યથાશકતી પ્રમાણે ગણપતિ દેવતાની પુજા-અર્ચના અને ભજન કિર્તન કરી આજે ત્રીજા દિવસે ગણેશજીની મુર્તીનુ વિર્સજન ડી. જે સાઉન્ડના તાલે વરઘોડો કાઢી કરવામાં આવ્યુ હતુ. જેમાં બાયડ ગામ તેમજ વલ્લભનગર સોસાયટી વૃદાવન સોસાયટી તેમજ શારદાકુંજ સોસાયટીના ગણેશજીની મૂર્તીનુ વિર્સજન કરવામાં આવ્યુ હતુ. ત્યારે આ વિર્સજનમાં ગણપતિ બાપા મોર્યા અગલે બરસ તુ જલ્દી આ..ના સોગ ઉપર ભકતો જુમી ઉઠયા હતા.

## આજે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સે. ૭ દ્વારા આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૯

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૭-બી ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ અંતર્ગત આર્યુવેદિક ઔષધિઓથી તૈયાર કરેલ સ્વાઈન ફ્લુ અને ઈમ્ફઅલ્યુએન્ઝા રોગ સામે રક્ષણ આપનાર અને રોગ પ્રતિકારક શક્તિ વધારનાર ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ તા. ૨૦ સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. તેમ ટ્રસ્ટના ઉપપ્રમુખ હાર્દિક તલાટીએ જણાવ્યું છે. આજરોજ ૧૦૮ દિવાની ભવ્ય આરતી કરી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહી આરતી દર્શનનો લાભ લીધો હતો.

## હરસોલ પાસેથી ૫૮ હજારના દારૂ સાથે બે શખ્સો પકડાયા

તલોદ, તા. ૧૯

તલોદ તાલુકાના હરસોલ ચાર રસ્તા પાસેથી ગુરૂવારે રાત્રે પોલીસે પેટ્રોલીંગ દરમિયાન મોડાસાથી અમદાવાદ જતી એક જીપમાંથી રૂ. ૫૮ હજારના પાસ પરમીટ વગરના દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. જે અંગે તલોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગુરૂવારે રાત્રે તલોદના પી.એસ.આઈ. મહેશભાઈ દેસાઈ તથા તેમનો સ્ટાફ હરસોલ ચાર રસ્તા પાસે પેટ્રોલીંગ કરી રહ્યો હતો ત્યારે અહીંથી પસાર થતી જીપ નં. જીજે-૧એચપી-૯૩૮૭ને અટકાવી તેમાં તપાસ કરતા જીપના ચોરખાનામાં સંતાડીને લઈ જવાતી ૧૮૫ બોટલ દારૂ તથા ૨૪ બિયરના ટીન મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસે જીપચાલક ઈશ્વરભાઈ રમણભાઈ તથા સંજયભાઈ ધુળાભાઈ મકવાણાની પુછપરછ કરતા આ દારૂનો જથ્થો અમદાવાદ લઈ જવાનો હોવાનું કબુલ્યું હતું. જેથી પોલીસ રૂ. ૫૮ હજારના દારૂ સાથે રૂ. ૫.૫૮ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

## પરસ્પર સ્નેહ વરસાવતાં પંખી : કોગલો



આપણા ઘરની આસપાસ કો-કો કરીને કલબલાટ કરી મૂકનાર આ પક્ષીને આપણે ત્યાં કોગલો કહેવાય છે. અંગ્રેજીમાં તેનું નામ છે Jungle Babler. કેટલાક તેને Sevan Sister કહે છે. હિન્દીમાં 'સાત ભાઈ' પણ કહેવાય છે. છ-સાતના ગ્રૂપમાં રહેનાર આ પક્ષી ખૂબ જ પ્રેમાળ સ્વભાવનું પક્ષી છે. તેમનો વધુ પડતો કલબલાટ અને માટી જેવા કલરના કારણે તે કવિ, ચિત્રકાર, તસવીરકારને આકર્ષી શક્યા નથી. પરંતુ આખો દિવસ કલબલાટ કરીને થાકેલા આ પક્ષી એકબીજાને ચાંચથી તેમજ પાંખ વડે પંપાળીને સ્નેહ વરસાવે છે તે દૃશ્ય ખરેખર જોવાલાયક હોય છે. સંસ્કૃતિકુંજની ઝાડીઓમાં ઢળતી સાંજે લેવાયેલી આ તસવીર જોઈને કદાચ તેને જોવાનો આપણો નજરિયો બદલાય. (તસવીર : નિકુંજ પી વૈશ્યક)

# પાટણ જિલ્લા દલિત સેના દ્વારા તેજસ્વી તારલા, નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં પાટણ જિલ્લા દલિત સેના દ્વારા પાટણ જિલ્લાના દલિત સમાજના તેજસ્વી તારલા અને નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારંભનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રીય સચિવ મુકેશ ગુર્જરના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલી આપવામાં આવી હતી. આ સમારંભ સામાજિક કાર્યકરતા એલ.એન. પરમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આ પ્રસંગે ઉચ્ચ ટકાવારી સાથે ઉત્તીર્ણ થેયલા દલિત સમાજના તેજસ્વી તારલા તેમજ નિવૃત્ત કર્મચારીઓને દાતા, પત્રકાર, કલાકાર વગેરેનું સન્માન આપવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા તેજસ્વી તારલાઓને મેડલ અને ફૂલહારથી તેમજ નિવૃત્ત કર્મચારીઓને સાલ અને ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, સમાજ અને માતા-પિતાનું ગૌરવ વધારે તેવા અભિનંદન પાઠવ્યા હતા અને ડૉ. બાબાસાહેબના વિચારો પણ વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે મહાનુભાવો એલ.એન. પરમાર, મુકેશ ગુર્જર, ડૉ. એચ.ડી. પાલેકર તેમજ દલિત સમાજના વિવિધ આગેવાનોએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યા હતા. આ પ્રસંગમાં દાતા ધનજીભાઈ રાઠોડ, રેવાભાઈ પરમાર, જે.બી. છત્રારીયા, એન.વી. પરમાર, રામજીભાઈ પરમાર, પ્રવિણ પરમાર, કે.જી. મકવાણા, એસ.એમ. સોલંકી, એલ.એન. પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને દાનફાળો આપ્યો હતો.

આ સમગ્ર સમારંભનું સંચાલન સાહિત્યકાર હસમુખ મલ્હોત્રાએ કર્યું હતું. આ સમારોહમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી, વાલી તેમજ સમાજના આગેવાન, ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાલપુરની સીમમાં બાઈકની ટક્કરથી રાહદારી મહિલાનું મોત

હિંમતનગર-વિજાપુર માર્ગ પર લાલપુર ગામની સીમમાં ગુરૂવારે સાંજના સુમારે બાઈક ચાલકે રાહદારી મહિલાને ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર રીતે ઘવાયેલ મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતા મૃતકના પુત્રએ અકસ્માત સર્જી ભાગી છુટેલા બાઈકચાલક વિરૂદ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અકસ્માતના બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગુરૂવારે સાંજના પાંચેક વાગ્યેના સુમારે હિંમતનગર-વિજાપુર માર્ગ પર આવેલી અપ્સરા હોટલ નજીકથી પસાર થતા લાલપુર ગામના કમળાબેન રણવીરસિંહ પરમારને પુરઝડપે આવી રહેલા બાઈક નં. જીજે-૯.સી.એમ. ૫૪૧૯ના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રાહદારી મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં કમળાબેનનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. અકસ્માતની ઘટના બાદ બાઈકચાલક ઘટનાસ્થળેથી ભાગી છુટ્યો હતો. મૃતક મહિલાના પુત્ર વિશાલસિંહ રણવીરસિંહ પરમારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભાગી છુટેલા બાઈકચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો તપાસ હાથ ધરી છે.

## રાજ્યમાં તંગદિલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ તેમને મંજૂરી આપવામાં આવી રહી નથી. અગાઉ રિવર્સ દાંડી યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. બે વખત કાર્યક્રમમાં ફેરફાર કરાયા હતા. જો કે રેલીને મંજૂરી આપવામાં આવી ન હતી. બીજી બાજુ ગુજરાત સરકાર અમદાવાદામાં પાટીદારની રેલી દરમિયાન હિંસા ભડકી ઉઠ્યા બાદ હવે કોઈ પણ તક લેવા માટે તૈયાર નથી. સરકાર ખુબ સાવધાન થયેલી છે.

ગુજરાત સરકાર અગાઉના હળવા વલણના કારણે ભડકી ઉઠેલી હિંસા બાદ કોઈ તક આપવા માટે તૈયાર નથી. તંત્રને કઠોર સુચના આપવામાં આવી ચુકી છે. મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ પણ વધારે આક્રમક દેખાઈ રહ્યા છે. તેઓ સંકેત આપી ચુક્યા છે કે આંદોલનના કારણે સમાજને વિભાજિત કરવાની કોઈને તક અપાશે નહી. પટેલ કહી ચુક્યા છે કે આ પ્રકારના આંદોલનથી સ્થિતી તંગ બનશે. સરકાર તમામ સમુદાયની સાથે આગળ વધી રહી છે. ગુજરાતના વિકાસની ચારેબાજુ નોંધ લેવાઈ રહી છે.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં આવ્યો હતો. ગુજરાત સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ અફવાઓને રોકવાના પ્રયાસો પણ શરૂ કરવામાં આવ્યા હતા. રાજ્યના પોલીસ મહાનિદેશક પીસી ઠાકુરે કહ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા તથા ગુજરાતભરમાં કોઈપણપ્રકારની અફવાઓ ન ફેલાય તે માટે આના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અચોક્કસગાળા સુધી રાજ્યમાં મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તમામ સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ ઉપર પ્રતિબંધના નિર્ણયને ઉપયોગી ગણવામાં આવે છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર શિવાનંદ ઝાએ કહ્યું હતું કે, જાહેરનામુ જારી કરી દેવામાં આવ્યું છે.

## મળવા જેવા માણસ (ચોથા પાનાનું ચાલુ...)

સત્તર પાનાંનો પત્ર ઈન્દિરાબેન પર ગયો. તેમાં પોતે કેવી રીતે જીવન જીવવા માંગે છે. તેની વાતો લખી હતી. ઈન્દિરાબહેને વિચાર્યું : 'છોકરો આટલું સરસ વિચારે છે, 'મેથ્સમાં એમ.એસસી.' થયેલ છે, હા તો પાડી જ દેવી. એ તો પછી એને હું સુધારી દઈશા પરણ્યા બંને. પહેલાં સુરેશભાઈ દર્દીના ઘાવ સાફ કરે ત્યારે ઈન્દિરાબેન આઘાં રહેતાં. પણ ધીમે ધીમે દર્દીઓની આંખોમાંથી નીતરતો પ્રેમ એમની સૂગને ઓગાળતો ગયો.' 'એમને સુધારી નાખીશ', એવું માનનારી પત્ની સેવાનાં રંગમાં રંગાઈ ગઈ! વડોદરા શ્રમમંદિર. સુરેશ સોનીનો જીવ ધબકે ત્યાં જ સંચાલકોએ યુ-ટર્ન લીધો અને શ્રમમંદિર છોડવાનો નિર્ણય સુરેશભાઈએ લીધો. ત્યાં રહેવાસીઓ રડતાં રડતાં કહેવા લાગ્યાં કે, 'તમે જયાં, અમે ત્યાં. અમે ભીખ માંગીશું. એમાં પહેલાં તમે કુટુંબ જમજો, અમે પછી જમીશું, પણ તમારાથી દૂર નહીં જઈએ.' સુરેશભાઈ પર ધર્મસંકટ આવ્યું. પણ જયાં પરમાર્થનો મંત્ર છે ત્યાં પરમાત્માનો સાદ છે. સર્વોદય આશ્રમ, માઢીથી અઠ્ઠાવીસ એકર જમીન દાનમાં આપી! ત્યાં સુરેશ ઈન્દિરાનો સહયોગ એક હજાર માનવજીવોનો આશરો બની રહ્યો.

**સંપર્ક : ગુજરાત રક્તપિત નિવારણ સેવા સંઘ 'સેવા તીર્થ' તરસાલી બાયપાસ પાસે, ધનીયાવી રોડ, આદર્શ નગર સામે, વડોદરા, ફોન : (૦૨૬૫) ૨૯૭૪૧૮૭, મો. ૯૮૨૫૪ ૦૭૯૬૪ અને ૯૯૦૯૯ ૦૪૬૫૪**

## પગલા લેવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાંતિનો માહોલ રહે એના તમામ પ્રયાસો કરી રહ્યા છે. સુરતથી એકતા યાત્રા કાઢવા જઈ રહેલા પાટીદાર નેતા હાર્દિક પટેલની પોલીસ દ્વારા કરવામાં આવેલી અટકાયતના પગલે ગુજરાતમાં સ્ફોટક પરિસ્થિતિ ઊભી થઈ છે. આ સંજોગોમાં ગુજરાતમાં અનેક જગ્યાઓથી નાના-મોટા તોફાનના સમાચાર આવવા લાગ્યા છે. પરિસ્થિતિને ધીમેધીમે બગડી રહી છે. ત્યારે ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેને કડક વલણ અપનાવ્યું છે. સુરતના માંડવીમાં તેમણે નિવેદન આપ્યું છે કે ગુજરાતના યુવાનને કોઈ અન્યાય નથી થયો અને કાયદો હવે કાયદાનુ કામ કરશે. આજની યુવાન પેઢીને વગ્રવિગ્રહ થવાથી જે પરિસ્થિતિ બગડે છે અનો અંદાજ નથી.

## પોણા બે ઈંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધાયો છે. સમગ્ર સિઝન દરમ્યાન માત્ર બે કે ત્રણ જ વાર સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. અષાઢમાં વરસાદ પડ્યા બાદ આખો શ્રાવણ માસ વરસાદ વિના સાવ કોરો ગયો હતો. વરસાદના અભાવે ખુબ જ ગરમીનો અનુભવ થયો હતો. છેલ્લા લગભગ એક મહિનાથી ભયંકર ગરમી અને બફારાથી વસાહતીઓ ત્રાસી ગયા હતા. હવે વરસાદ નહી પડે તેવુ સૌને લાગવા માંડ્યું હતું. ત્યાં જ ગઈકાલે અચાનક જ વાતાવરણમાં ફેરફાર આવ્યો હતો અને સાંજ પડતા જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા અને ઘોર અંધારૂ છવાઈ ગયુંહતુ. હવે ધોધમાર વરસાદ પડશે તેવું લાગતુ હતુ. સાંજે ધીમી ધારે વરસાદ પડવો શરૂ થયો હતો. રાત પડતા વરસાદનું જોર વધ્યું હતું. વીજળીના કડાકા સાથે લગભગ બે-ત્રણ કલાક વરસાદ પડ્યો હતો. મોડી રાત્રે વરસાદ બંધ થઈ ગયો હતો. રાત્રી દરમ્યાન નાના-મોટા વરસાદી ઝાપટા પડતા રહ્યા હતા. સવારે વાદળો વિખેરાતા તડકો પણ નીકળ્યો હતો. આકાશમાં જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે જોઈને લાગતુ હતુ કે એક સાથે ચાર-પાંચ ઈંચ વરસાદ પડી જશે પરંતુ કાલ સાંજથી આજ સવાર સુધી માત્ર પોણા બે ઈંચ વરસાદ નોંધાયો હતો. ઘણા લાંબા સમય બાદ વરસાદ પડતાં ખેડૂતો ખુશખુશાલ બની ગયા હતા. ઉભા પાકને જીવનદાન મળતા ખેડૂતોને થોડીક રાહત ચોક્કસ થઈ છે. વસાહતીઓને ગરમીથી છુટકારો મળ્યો છે. આજે પણ બપોર બાદ આકાશમાં વાદળો ઘેરાયા હતા. જો કે મોડી સાંજ સુધી શહેરમાં ક્યાંય વરસાદ પડ્યો ન હતો. ગઈકાલે પડેલા ૪૨ મી.મી. વરસાદ સાથે સીઝનનો કુલ વરસાદ ૬૨૦ મી.મી. જેટલો થયો છે.

## પોલીસ સ્ટેન્ડ ટુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકતા યાત્રામાં પણ પોલીસે હાર્દિક સહીત પાટીદારોની ધરપકડ કરી લેતા મામલો બેકાબુ બન્યો હતો. વિવિધ જિલ્લાઓમાં સ્થિત કાબુ બહાર જવાના અણસાર આવવા લાગતા ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે પણ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના ભાગરૂપે પોલીસને વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં સ્ટેન્ડ ટુ કરી દઈ સઘન વાહિન ચેકીંગ અને પેટ્રોલીંગના આદેશ જારી કરી દીધા છે. મોડી સાંજે એસ.પી. તેમની ટીમ સાથે સંવેદનશીલ ગણાતા માણસા વિસ્તારમાં સ્થિત ચકાસણી માટે પહોંચી ગયા હતા. તો બીજી તરફ અક્ષરધામ, મંત્રિનિવાસ તથા સરકીટ હાઉસ સુધીનો માર્ગ પોલીસ છાવણીમાં ફેરવી દઈ લોખંડી પોલીસ પહેરો ગોઠવી દીધો છે.

## વનતંત્રની નિરસતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં પણ નિરસતા સેવાઈ રહી છે.દબાણના નામે નાટકીય કામગીરી કરીને હપ્તા વસુલી થતી હોવાનો આક્રોશ ઉદભવ્યો છે. આવા સંજોગોમાં આમ નાગરિકોની સલામતીને અનુલક્ષીને પણ વન તંત્ર નિરસતા સેવતા રાહદારીઓ વરસાદી સંજોગોમાં ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત પ્રબળ બની છે. આમછતા વન વિભાગના પેટનુ પાણી હલતુ નથી. શહેરમાં વરસાદી દિવસોમાં માર્ગો પરથી પસાર થવાનુ અત્યંત જોખમી બની ગયુ હોવનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે વન વિભાગ દ્વારા પણ સમયને ધ્યાને લઈ દબાણની નાટકીય ઝુંબેશ કોરાણે મુકી નગરજનોની સલામતીના હીતમાં ભયજનક વૃક્ષો દુર કરવા અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

## દિવા તળે અંધારુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી પર્યાવરણના શિક્ષણ અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં જ આ મામલે મીંડી ચિતરાયેલુ છે.નોડલ એજન્સી દ્વારા જરૂરી સુચનાઓ અપાઈ હોવાછતા કોઈ કાર્યવાહી થઈ શકી નથી. આ માટે દરવર્ષે વન ચેતના કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવતી હોય છે. જેના આધારે ઈકો એમ્બેસેડરની પસંદગી કરવામાં આવે છે. પરંતુ વન વિભાગની નિરસતાના લીધે આ વર્ષે આ યોજના પણ કાગળ પર જ રહી ગઈ છે. છેલ્લા ૧૧ વર્ષથી ચાલતી ઈકો પ્રવૃતિને પુર્ણવિરામ લાગી ગયુ છે.આ મામલે જિલ્લા કોઓર્ડીનેટરને પુછતા તેમણે પણ અફસોસ જતાવી આ મામલે જિલ્લા કક્ષાની મુલ્યાંકન સમિતિએ પણ કોઈ નિર્ણય લીધા ન હોવાની નારાજગી વ્યકત કરી હતી. જેના પરિણામે વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે ઈકો એમ્બેસેડર માટે થતી ત્રણ દિવસની પ્રકૃતિ શિબિરનુ પણ પાટનગરમાં જ પીલ્લુ વળી ગયુ છે.

ઈ-ટેન્ડરીંગ નિવિદા નં. ૪ સને ૨૦૧૫-૨૦૧૬
(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા (૫) કામનોની અંદાજીત કિંમત રૂ. ૨૨૩૯૪ થી ૨૭૪૭૨૦.૦૦ સુધીની છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડરો દસ્તાવેજો વેબસાઈટ http:/rnb.nprocure.com ઉપર તા. ૩/૧૦/૨૦૧૫, ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૫૨૫/૨૦૧૫-૧૬

## બિમારી તરફ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ તબક્કે રાષ્ટ્રીય ઓપ્થલ્મિક એસોસિએશના પ્રમુખ એસ પી યાદવે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ એસોસિએશનના માધ્યમથી દેશમાં ૪૫ હજાર સભ્યો જોડાયેલા છે. જયારે ગુજરાતમાં પણ ૨૫૭ જેટલા ઓપ્થલ્મિક કામ કરે છે. હાલ દેશના ૧૨ ટકા બાળકોને ચશ્માની જરૂર પડે છે. આજના ઝડપી સમયમાં ટેકનોલોજીના લીધે મોબાઈલ અને કોમ્પયુટરનો ઉપયોગ વધવાથી આંખોના પલકારા ઘટી ગયા છે. આંખોને પટપટાવાની વૃતિની ઉણપથી આંખોમાં ડ્રાયનેસ વધી જાય છે. જેના પરિણામે કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની બિમારીનુ પ્રમાણ વધી ગયુ છે. આજે દેશમાં ૩૦ ટકા યુવાનો આ બિમારી તરફ ધકેલાઈ રહયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ માટે ઠંડા પાણીનો ઉપયોગ વધારે કરવાનુ પણ અનિવાર્ય હોવાનુ મનાઈ રહયુ છે.આ તકલીફથી બચવા તેમણે અન્ટી રીફલેકશન કોટીંગ ગ્લાસનો ઉપયોગ કરવા પણ તેમણે જણાંવ્યુ હતુ.રાષ્ટ્રીય સેમિનારમાં ગુજરાત ઓપ્થેલ્મિક એસોસિએશનના પ્રમુખ ચતુરભાઈ પટેલ જે ડી પટેલ જગદીશભાઈ ભુવા સહીતના તજજ્ઞો હાજર રહયા હતા.

ટચૂકડી જાહેર ખબર

સેમિનાર/ટ્રેનિંગ માટે
હોલ ભાડે મળશે
આશરે ૫૦ વ્યક્તિ બેસી શકે તેવો A.C. હૉલ, પ્રોજેક્ટર સાથે, સે. ૨૧
મો. : ૯૯૭૮૭ ૭૨૦૪૩

ભોયરું
ભાડે આપવાનું છે
ગોડાઉન/ઓફીસ બનાવવા માટે યોગ્ય ૨૫૦ ચો. ફૂટ, ૭૦૦૦ રૂ. ભાડુ, વિશ્વકર્મા શોપીંગ, સે. ૨૧
મો. ૯૯૮૭૮ ૭૨૦૪૩